# જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)ની કચેરી,

ગ્રાઉન્ડ ફ્લોર પૂજ્ય રવિશંકર મહારાજ, સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), તરસાલી,
શ્રી પૃષ્ટી પ્રાથમિક શાળાની બાજુમાં, ધનીયાવી ચોકડી નજીક,
તરસાલી બાયપાસ, વડોદરા, પીનકોડ:-૩૯૦૦૦૯
ફોન નં.૦૨૬૫-૨૪૨૬૬૨૨ કાર્ડેક્ષ નં. ૧૪ ઈ-મેલ-dydir-ddcw-vad@gujarat.gov.in

જિનાની/વિજા./મકમ/૨૦૨૬-૨૭/ 1126 તા.૧૭-૦૭-૨૦૨૬

અગત્યનું

પ્રતિ,
આચાર્યશ્રી,
..............................................................
..............................................................
..............................................................

વિષય: વર્ષ:૨૦૨૬-૨૭ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ / સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત (https://www.digitalgujarat.gov.in)

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષ:૨૦૨૬-૨૭ ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું DBT થી કરવાનુ થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭ દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓ તેમજ આ સાથેના "માસવાર આયોજન" પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લઇ Digital Gujarat Portal પર ઓનલાઇન અરજીઓ કરાવવાની રહેશે. જે બાબતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર દ્વારા દૈનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ પણ કરવામાં આવેલ છે. જાહેરાતમાં આપેલ તેમજ વખતો-વખતની તમામ સૂચનાઓનુ ચુસ્ત પણે પાલન કરી તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે. (જાહેરાતની નકલ સામેલ છે) જાહેરાતથી જે સૂચનાઓ આપવામાં આવેલ હતી તે ફરી આપની જાણ સારૂ આપવામાં આવે છે.

A. વિદ્યાર્થીઓએ કરવાની/સમજવાની કાર્યવાહીઃ-

(૧) પ્રથમ વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" ઓપ્શન પર ક્લીક કરી "Citizen Login/Registration" ઓપ્શનમાં જઇ "New Registration(Citizen)" પર ક્લીક કરી નવું રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. નવુ રજીસ્ટ્રેશન મોબાઇલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે. રજીસ્ટ્રેશન વખતે E-mail ID અને

8-3
21/7/26

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર ...3210
તારીખ ....21/7/26

કારકુનની સહી ........................

મોબાઇલ નંબર ફરજીયાત છે. (સદરહુ મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/ સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ રાખવા વિનંતી છે) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાના મોબાઇલ નંબરને પોતાના યુઝરનેમ તરીકે તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ Login કરી પોતાની પ્રોફાઇલ (My Profile) Update કરવાની રહેશે.

(My Profile Update થયેલ હશે તો જ વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકશે જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.)

જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષમાં સદરહુ પોર્ટલ મારફત શિષ્યવૃત્તિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય કે પોર્ટલની અન્ય યોજનાઓમા લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે નહી. તેઓ અગાઉના Login ID-Password વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

(૨) જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો ID-Password ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ "Forget Password" પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર OTP મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર User ID રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. "Forget Password" ઓપ્શન ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગીન પેજ પર ઉપલબ્ધ છે.

જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની OBC/SC/ST કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પ્રોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.

(૩) ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Services" મેનુમા જઇ "Scholarship Services" Option પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

(૪) "Scholarship Services" Option પર ક્લિક કર્યા બાદ Select Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૧૭-૧૮ થી વર્ષ:૨૦૨૫-૨૬ સીલેક્ટ કર્યેથી જો અગાઉના વર્ષોમાં કોઇ શિષ્યવૃત્તિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે. ચાલુ વર્ષ:૨૦૨૬-૨૭ માટે ઓનલાઇન અરજી કરવા માટે "Request a New Services" બટન પર ક્લીક કરી Select Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૨૬-૨૭ જ સીલેક્ટ કરવાનુ રહેશે.

જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૨૫-૨૬માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal" મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી. "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

(૫) જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક "Renewal" મોડમાં જોવા ન મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service" બટન પર ક્લીક કરી

"Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૬-૨૭ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(૬) જે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" ઓપ્શન પર ક્લીક કરી "Citizen Login/Registration" ઓપ્શનમાં જઇ પોતાના Id-Passwordથી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ "Services" મેનુમા જઇ "Scholarship Services" Option પર ક્લીક કરી "Request a New Service" બટન પર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદ "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૬-૨૭ સીલેક્ટ કરી "(Director Developing Caste Welfare)" હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ "Continue to Service" પર ક્લીક કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

તમામ વિગતોની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ Upload થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને સંપૂર્ણ અરજીપત્રક ભરાઇ ગયા બાદ "Verify Mobile Number" પર ક્લીક કરી પોતાના મોબાઇલ પર OTP મેળવી ઓનલાઇન અરજી "Confirm & Final Submit" કરવાની રહેશે જેથી વિદ્યાર્થીની અરજી સંબંધિત શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમીટ થઇ જશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી પોતાની શાળા/ કોલેજ/ સંસ્થાને જમા કરવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

(૭) શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓ પાસેથી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓ કરાવવાની રહેશે.

(૮) વર્ષ: ૨૦૨૨-૨૩થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ જ કરવામાં આવે છે. એટલે કે વિદ્યાર્થીનો આધારનંબર જે બેંકખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવે છે. આથી આપની કક્ષાએથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લિંકીંગ/સીડીંગ કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે.

(૯) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે લોગીન થયા બાદ, યોજનામાં એપ્લાય કરતી વખતે "Instruction" પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

(૧૦) ગુજરાતના વતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજય બહાર Out Stateમાં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ ભારત સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત Digital Gujarat Portal પર Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે

અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ લેટર સાથે હાલમાં રહેઠાણના જિલ્લાની વિકસતી જાતિની કચેરીએ જમા કરાવવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ યોજનાનું ફોર્મ ભરતી વખતે "Registration Detail → Current Address State" માં ગુજરાત રાજ્ય સિવાયનું રાજ્ય પંસદ કરશે તે વિદ્યાર્થી રાજ્ય બહાર અભ્યાસ કરે છે તેવુ ગણવામાં આવશે.

(૧૧) વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રિન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૨) વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. (વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ ભરવાની રહેશે. સેમેસ્ટર પધ્ધતિ મુજબ તારીખ ભરવાની નથી)

(૧૩) વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષ વાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

(૧૪) ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ એકરારનામું અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.

(૧૫) વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા-વધારા કરી શકશે નહિ. જેથી ઓનલાઇન અરજીમાં વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો સંસ્થાએ આવી અરજી પરત કરી વિદ્યાર્થી પાસે જરૂરી સુધારા-વધારા કરાવવાના રહેશે તેમજ અરજી પરત કર્યા અંગે વિદ્યાર્થીને જરૂરી સૂચના આપવાની રહેશે. (પોર્ટલમાં વિદ્યાર્થીના લોગીનમાં "Withdraw" ની ફેસેલીટી પણ મુકવામાં આવેલ છે જેથી જો સંસ્થાએ વિદ્યાર્થીની અરજી પર કોઇ કાર્યવાહી ન કરેલ હોય તો વિદ્યાર્થી જાતે જ પોતાની અરજી પરત ખેચી શકશે અને પોતાની અરજીમાં સુધારા-વધારા કરી ફરી સેન્ડ કરી શકશે)

(૧૬) ગ્રામ્યકક્ષાએ વિદ્યાર્થી E-gram સેન્ટર પરથી પોતાનુ ફોર્મ ઓનલાઇન ભરાવી શકશે.

(૧૭) શિષ્યવૃત્તિની તમામ કામગીરી ઓનલાઇન થતી હોય કોઇપણ વિદ્યાર્થીને ઓફલાઇન શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે નહિ જેની તમામ વિદ્યાર્થી/આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

(૧૮) વિદ્યાર્થીએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઇ જરૂર જણાય તો હેલ્પ ડેસ્ક નં:18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

**B.** <u>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (ધો:૧૧-૧૨) / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ કરવાની કાર્યવાહી:-</u>

(૧) ગત વર્ષે શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાએ જે ID-Passwordની મદદથી શિષ્યવૃત્તિ/સહાય યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ ID-Passwordની મદદથી ચાલુ વર્ષ:૨૦૨૬-૨૭માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ આચાર્યશ્રીને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો "Forget Password" Optionની મદદથી પાસવર્ડ બદલી શકાશે. (જો કોઇ શાળા / સંસ્થા/ કોલેજમાં

આચાર્યશ્રી બદલાયેલ હોય કે નિવૃત થયેલ હોય તો તેવી સંસ્થાના આચાર્યશ્રીઓનુ નામ/મોબાઇલ નંબર જિલ્લાની OBC/SC/ST કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી બદલી શકે છે)

જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સંસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password "Abcd@123" રહેશે. જે સંસ્થાઓ પાસે AISHE કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબધિત કચેરી "KCG, Ahmedabad" પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે જ્યારે By Default Password: "Abcd@123" રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ Default પાસવર્ડ Change કરવાનો રહેશે. જો કોઇ કોલેજ/યુનિવર્સિટી/શાળાને Default Password થી લોગીન ના થઇ શકતુ હોય તો "Forget Password" ઓપ્શનથી પાસવર્ડ Change કરી પછી લોગીન કરવાનું રહેશે.

જે કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થા પ્રથમ વખત લોગીન કરતી હોય તેવી તમામ કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાએ પોતાના લોગીન માંથી Admin મેનુમાં જઇ "Institute Profile" ફરજીયાત અપડેટ કરવાની રહેશે અને કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થામાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો પોતાના લોગીન માંથી Admin મેનુમાં જઇ "Institute & Branch Mapping" પર ક્લીક કરી Add કરવાના રહેશે. કોલેજ/યુનિવર્સિટી/સંસ્થા દ્વારા પોતાની પ્રોફાઇલ અપડેટ કરવામાં આવશે તેમજ કોર્ષની વિગતો એડ કરવામાં આવશે ત્યાર બાદ જ વિદ્યાર્થીઓને Online અરજી કરતી વખતે પોર્ટલ પર જે તે કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી. વર્ષ:૨૦૨૬-૨૭થી સંસ્થા/કોલેજ એ પોતાની પ્રોફાઇલ પણ અપડેટ કરવી ફરજીયાત છે. (શાળાઓએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની કાર્યવાહી કરવાની રહેતી નથી)

વધુમાં સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ ITI એ પોતાનો ID Password પોતાની રીઝીઓનલ ઓફીસ (RDD) પાસેથી મેળવી લેવાનો રહેશે.

(૨) તમામ કામગીરીને સફળ બનાવવા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ જે તે કેટેગરી-જાતિના વિદ્યાર્થીઓ સરકારશ્રીની યોજનામાં મહત્તમ લાભ લઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર અત્રેના ખાતાની તમામ યોજનાની વિગતો મુકી આ બાબતની પ્રસિધ્ધિ કરવાની રહેશે અને યોજનાની વિગતો વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવાની રહેશે. (આ સાથેનુ પત્રક-અ નોટીસ બોર્ડ પર ફરજીયાત મુકવાનુ રહેશે)

વધુમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં ઇન્ટરનેટની સુવિધા કરાવી ITના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓને Online અરજી કરાવવાની કામગીરી સંસ્થા લેવલે કરાવી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે. Online અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃત્તિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે Online વેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(3) વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ

વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીના Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સબંધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે અને વિદ્યાર્થી દ્વારા મળેલ તમામ અરજીઓ (હાર્ડકોપી) પર સહી સિક્કા કરી સાધનિક કાગળો સહિતની દરખાસ્ત આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ સબંધિત જિલ્લા કચેરીમાં ફોરવર્ડીંગ સાથે રજુ કરવાની રહેશે.

જો કોઇ શાળા/કોલેજ/સંસ્થાની કામગીરી નિર્ધારીત તારીખો પહેલા પુરી થઇ જાય તો આખર તારીખની રાહ ન જોતા તુર્ત જ દરખાસ્ત સંબધિત કચેરીને જમા કરાવવાની રહેશે. (નોંધ શાળા/કોલેજ/સંસ્થાઓએ વિદ્યાર્થીઓના ફોર્મ શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ જ રાખવાના રહેશે અને જિલ્લા કચેરી દ્વારા આ અરજી ફોર્મની માંગણી કરવામાં આવે ત્યારે ફરજીયાત રજુ કરવાના રહેશે.

અન્ય સૂચનાઓ:-

(૧) આચાર્યશ્રીઓના લોગીનમાં વિદ્યાર્થીઓના ફોર્મ ઓનલાઇન મંજુર કરતી વખતે વિદ્યાર્થીઓની ગત વર્ષની હાજરીની વિગતો પણ ભરવાનું પ્રોવિઝન કરવામાં આવેલ છે. જેથી તમામ વિદ્યાર્થીઓની ગત વર્ષની હાજરી પણ આચાર્યશ્રીઓએ ફરજીયાત ઓનલાઇન ભરવાની રહેશે. "ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના" અંતર્ગત વિદ્યાર્થીઓની ગત વર્ષની હાજરી ૭૫% કે તેથી વધુ હશે તો જ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું કરી શકાશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

(૨) ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓ જે અરજીઓ ઓનલાઇન મંજુર કરે તેની નકલ તથા સાધનિક પુરાવા સહિતની દરખાસ્ત અત્રેની કચેરીએ ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. યોજનાવાર દરખાસ્તોની ફાઇલો અલગ અલગ રજુ કરવા વિનંતી છે જેવી કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની ફાઇલ અલગ, ભોજન બીલની ફાઇલ અલગ વિગેરે.

(૩) શિષ્યવૃત્તિ દરખાસ્તની ફાઇલ ચકાસણી અર્થે રજુ કરવામાં આવે ત્યારે તેની ઉપર શાળા/કોલેજના ફોન નંબર તથા શિષ્યવૃત્તિ યોજનાનુ કામ સંભાળતા કર્મચારીશ્રીનો કોન્ટેક્ટ નંબર દર્શાવવાનો રહેશે.

(૪) જરૂર જણાય સંસ્થાએ વિકસતી જાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં એકસાથે બેઠક યોજી / વિડિયો કોન્ફરન્સ યોજી ફોર્મ કેવી રીતે ભરવા તે સંબંધિત તમામ માર્ગદર્શન આપવુ.

(૫) શાળા/કોલેજને સરકારશ્રી દ્વારા મળેલ માન્યતાપત્ર (એફીલીએશન) ની નકલ, કેટલા વિદ્યાર્થી માટેની માન્યતા મળેલ છે તેના આધાર તેમજ ફી રેગ્યુલેટરી કમિટીએ સંસ્થાનુ જે ફી નુ માળખુ મંજુર કરેલ હોય તેના આધાર તેમજ શાળા/સંસ્થાનુ ગત વર્ષનું પરિણામ વિગેરે પુરાવા દરખાસ્ત સાથે પ્રથમ પાને રાખવાના રહેશે અને દરખાસ્ત ચકાસણી અર્થે જિલ્લા કચેરીમાં આવો ત્યારે રજુ કરવાના રહેશે.

જો શાળા/સંસ્થા પાસે ફી રેગ્યુલેટરી કમિટીએ મંજુર કરેલ ફી અંગેનુ માળખું નહિ હોય તો તેવા સંજોગોમાં સરકારશ્રીના નિયમો મુજબ વિદ્યાર્થીઓને શિક્ષણફી ચુકવી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં જો કોઇ સંસ્થા દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નક્કી થયેલ ફી કરતા ઓછી ફી વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી હોય તો ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થી પાસેથી ખરેખર જે ફી લેવામાં આવે છે તે જ ફી ભરવાની રહેશે અને જે ફી ભરવામાં આવે તે વાર્ષિક ભરવાની રહેશે. (ફી છ માસની કે સેમેસ્ટરની ભરવાની રહેશે નહિ)

ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઇડલાઇન મુજબ AISHE કોડ/ UDISE કોડ ધરાવતી શાળા/કોલેજ/સંસ્થાના વિદ્યાર્થીઓ જ શિષ્યવૃત્તિ યોજના માટે પાત્ર રહેશે.

(૬) વિદ્યાર્થી જાતિ/આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના રજુ કરે તે ધ્યાન રાખવાનુ રહેશે.

(૭) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ઓનલાઇન અરજી સાથે છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહિ/ સિક્કાવાળુ પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે. ( જે પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે)

(૮) જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ-૧૬ અપલોડ કરવાનુ રહેશે તથા દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

(૯) તમામ સંસ્થાઓએ વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇમેઇલથી કે SMSથી વિદ્યાર્થીઓને સૂચના આપી સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) સંસ્થાએ દરેક વિદ્યાર્થીને સત્ર શરૂ થવાની તેમજ પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

(૧૧) જો કોઇ વિદ્યાર્થીને બેંક એકાઉન્ટ ખોલાવાવમાં મુશ્કેલી પડે તો તે અંતર્ગત સંસ્થાએ જરૂરી મદદ કરી વિદ્યાર્થીઓના ખાતા ખોલાવી આધારનંબર સાથે લીંક/સીડ કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/ સંસ્થાઓએ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ફોર્મ ઓનલાઇન ભરાવવામાં શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/ સંસ્થા કક્ષાએ જરૂરી તમામ મદદ કરવાની રહેશે.

(૧૩) જો કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની રકમ કોઇ કારણોસર પરત કરવાની થાય તો નીચેના બજેટ હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.

૦૨૫૦- અન્ય સામાજિક સેવાઓ

૧૦૨- અનુ.જાતિ, અનુ. જન જાતિ તથા અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ.

DCW (જે યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવેલ હોય તેનુ નામ લખવુ)

(૧૪) શાળા/સંસ્થા દ્વારા જો કોઇ ડમી/બુતિયા વિદ્યાર્થીઓની દરખાસ્ત રજુ કરવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/સંસ્થાની નક્કી કરી સંબધિતો દ્વારા શાળા/સંસ્થા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

(૧૫) જો કોઇ વિદ્યાર્થીઓને કોઇ કારણસર બ્લેકલીસ્ટ કરવામાં આવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓની અરજી આચાર્યશ્રીઓએ જિલ્લા કચેરીઓને મોકલવાની રહેશે નહિ.

(૧૬) જો કોઇ વિદ્યાર્થીએ અભ્યાસક્રમના એક સંબધિત વર્ષમાં શિષ્યવૃત્તિ મેળવી લીધેલ હોય અને વિદ્યાર્થી તે વર્ષમા નાપાસ થાય તો તે વિદ્યાર્થીને તે જ સંબધિત વર્ષ માટે ફરી શિષ્યવૃત્તિ મળવાપાત્ર નથી જેથી આચાર્યશ્રીઓએ આ બાબતે ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૧૭) ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીની હાજરી ૭૫% હોવી જોઇએ જેથી વિદ્યાર્થીની અભ્યાસક્રમ દરમ્યાન હાજરી ૭૫% રહે તે તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્ય/વડાએ ખાસ રાખવાની રહેશે તેમજ અગાઉના વર્ષમાં જે વિદ્યાર્થીની હાજરી ૭૫% હોય તેવા જ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ Online જિલ્લા કચેરીએ મોકલવાની રહેશે.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ વિકસતી જાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી, એકત્ર કરી, એકી સાથે દરખાસ્ત જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરવાની રહેશે. પુરવણી દરખાસ્તો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. સમય મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી કે પુરવણી દરખાસ્તો અંગે સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

નોંધ:- ઉક્ત તમામ વિગતો/માહિતી માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવામાં આવશે. સંબંધિત યોજનાના તમામ ઠરાવો અત્રેની કચેરીની વેબસાઇટ તેમજ અત્રેની કચેરીએથી મળી શકશે. વધુમા આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે શિષ્યવૃત્તિની કામગીરી માટે તેઓના કલાર્કશ્રી ફાઇલ લઇને જિલ્લા કચેરીએ આવે ત્યારે કલાર્કશ્રી જ્યા સુધી શિષ્યવૃત્તિની કામગીરી પુરી ન થાય ત્યા સુધી જિલ્લા કચેરીને પોતાનો સમય ફાળવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

M Joshi

નાયબ નિયામક

વિકસતી જાતિ, વડોદરા

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) માન.કલેક્ટકશ્રી, કલેક્ટર કચેરી, ગદાપુરા,વડોદરા

નકલ રવાના:-

૧. રજીસ્ટ્રારશ્રી, એમ,એસ.યુનિવર્સિટી,વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૨. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી,અમદાવાદ સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૩. રજીસ્ટ્રારશ્રી, આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૪. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૫. રજીસ્ટ્રારશ્રી, ગુરૂ ગોવિંદસિંહ યુનિવર્સિટી, ગોધરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૬. રજીસ્ટ્રારશ્રી, પારૂલ યુનિવર્સિટી, વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૭. રજીસ્ટ્રારશ્રી, નવરચના યુનિવર્સિટી, વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૮. રજીસ્ટ્રારશ્રી, સુમનદીપ યુનિવર્સિટી,વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારૂ.

૯. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.વડોદરા તરફ જાણ તથા તમામ ધો.-૧૧-૧૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂં.

ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/૪૨૧૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૩૧/૭/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

પત્રકઅ-

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કોર્ષ | શિષ્યવૃત્તિસહાય/ના દર | | | વાર્ષિક આવક મર્યાદા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એકેડમીક એલાઉન્સ (વાર્ષિક) | ટ્યુશન ફી (વાર્ષિક) | કુલ | | |
| ૧ | PM YASASVI Post Matric Scholarship For OBC, EBC & DNT Students (GOI) | OBC EBC DNT | ગ્રુપ-A | ૧૦,૦૦૦-/ | ૧૦,૦૦૦અથવા -/ ફી પહોંચમાં દર્શાવિલ બન્ને માંથી ) ટ્યુશન ફી (જે ઓછુ હોય તે | ૨૦,૦૦૦-/ | રૂા૨.,૫૦,૦૦૦-/ | • ગ્રુપ-A થી ગ્રુપ-C માટે સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ / સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓ અને ગ્રુપ-D માટે સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે.<br>• વિદ્યાર્થીનિ આધારબેઝ payment થતુ હોવાથી વિદ્યાર્થીએ પોતાના આધારકાર્ડ સાથે બેંક ખાતુ લિંક કરાવવાની પ્રકિયા કરવાની રહેશે. |
| | | | ગ્રુપ-B | ૮,૦૦૦-/ | ૫,૦૦૦ અથવા ફી -/ પહોંચમાં દર્શાવિલ ટ્યુશન ફી બન્ને માંથી ) (જે ઓછુ હોય તે | ૧૩,૦૦૦-/ | | |
| | | | ગ્રુપ-C | ૬,૦૦૦-/ | ૨,૦૦૦અથવા ફી -/ પહોંચમાં દર્શાવિલ બન્ને ) ટ્યુશન ફી (માંથી જે ઓછુ હોય તે (તે | ૮,૦૦૦-/ | | |
| | | | ગ્રુપ-D | ૫,૦૦૦-/ | ૦-/ | ૫૦૦૦-/ | | |
| ૨ | બીસીકિપોસ્ટ મે ૭૮-ટ્રીક શિષ્યવૃત્તિ રાજ્ય ) (પુરસ્કૃત | SEBC NTDNT | કોર્ષ | હોસ્ટેલર (વાર્ષિક) | ડેસ્કોલર (વાર્ષિક) | | કન્યાઓ માટે આવક મર્યાદા નથી . )રૂા૨.,૫૦,૦૦૦-/ થી વધુ આવક માટે(<br>કુમારો માટે રૂા૨.,૫૦,૦૦૦ -/ થી વધુ અને ૬.૩૧,૦૦,૦૦૦ -/ | • સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો/સંસ્થાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે.<br>ખાસ નોંધ લાખ કે તેથી ઓછી આવક વાળા ૫૦.૨ : વિદ્યાર્થીઓએPM YASASVI Post Matric Scholarship For OBC, EBC & DNT Students (GOI) યોજનામાં ફોર્મ ભરવુ. |
| | | | ગ્રુપ-A | ૫૦૦૦-/ | ૨૦૦૦-/ | | | |
| | | | ગ્રુપ-B | ૩૫૦૦-/ | ૨૦૦૦-/ | | | |
| | | | ગ્રુપ-C | ૩૫૦૦-/ | ૨૦૦૦-/ | | | |
| | | | ગ્રુપ-D | ૩૨૦૦-/ | ૧૫૦૦-/ | | | |

પત્રકઅ-

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કોર્ષ | શિષ્યવૃત્તિસહાય/ના દર | | | વાર્ષિક આવક મર્યાદા સુધી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એકેડમીક એલાઉન્સ (વાર્ષિક) | ટ્યુશન ફી (વાર્ષિક) | કુલ | | |
| ૩ | બીસીકે૮૦- મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય | સા.વ.પ.શૈ. | મેડીકલ | વાર્ષિક રૂ૧૫.,૦૦૦-/ | | | રૂ૬.,૦૦,૦૦૦-/ | • સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ / સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે.<br>• સાધન ખરીદી અંગેના બિલ રજુ કરવાનું રહેશે.<br>• પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર રહેશે. |
| | | | એન્જીનીયરીંગ | વાર્ષિક રૂ ૧૦,૦૦૦-/ | | | | |
| | | | ડીપ્લોમા | વાર્ષિક રૂ૫.,૦૦૦-/ | | | | |
| ૪ | બીસીકે૭૯- મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | સા.વ.પ.શૈ. | મેડીકલ એન્જીનીયરીંગ | વાર્ષિક રૂ૧૫.,૦૦૦-/ | | | રૂ૬.,૦૦,૦૦૦-/ | • સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ / સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |
| ૫ | ડીએનટીર- મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | વિચરતી વિમુક્ત | મેડીકલ એન્જીનીયરીંગ | વાર્ષિક રૂ૧૫.,૦૦૦-/ | | | રૂ૬.,૦૦,૦૦૦-/ | • સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ / સ્વ-નિર્ભર કોલેજો/સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |
| ૬ | બીસીકે૯૮- એમફીલ., પી.એચના .ડી. વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના | સા.વ.પ.શૈ. | અનુસ્નાતક પછીના કોઇ પણ અભ્યાસક્રમ માટે | એમર૫.ફીલ માટે વાર્ષિક રૂ.,૦૦૦-/ અને પી૧.માટે વાર્ષિક રૂ .ડી.એચ.,૦૦,૦૦૦-/ સુધીની | | | રૂ૬.,૦૦,૦૦૦-/ | • સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ / સ્વ-નિર્ભર કોલેજો/સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે.<br>• પી.એચ.ડી ની સહાય છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |

પત્રકઅ-

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કોર્ષ | શિષ્યવૃતિસહાય/ના દર | | | વાર્ષિક આવક મર્યાદા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એકેડમીક એલાઉન્સ (વાર્ષિક) | ટ્યુશન ફી (વાર્ષિક) | કુલ | | |
| ૭ | બીસીકિસી ૮૧-<br>ર્ડા બાબાસાહેબ .આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | સા.વ.પ.શૈ. | ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમો | ઓપન યુનિવર્સિટીની શિક્ષણ ફી વધુમાં વધુ રૂા૨.,૫૦૦-/ | | | ગ્રામ્ય વિસ્તાર<br>રૂા૧.,૨૦,૦૦૦-/<br>શહેરી વિસ્તાર<br>રૂા૧.,૫૦,૦૦૦-/ | • ઓપન યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |
| ૮ | બીસીકિ૩૨૫-<br>સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય | વિચરતી વિમુક્ત | સ્વનિર્ભર કોલેજના તમામ અભ્યાસક્રમો | વધુમાં વધુ રૂા૫૦.,૦૦૦સુધીની શૈક્ષણિક સહાય -/ | | | રૂા૨.,૦૦,૦૦૦-/ | • ફકત સ્વનિર્ભર કોલેજ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |
| ૯ | બીસીકિ૮૩-<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | સા.વ.પ.શૈ. | ટેકનીકલ અભ્યાસક્રમ | વાર્ષિક રૂા૪.,૮૦૦-/<br>(માસ માટે ૧૨ વધુમાં વધુ -/૪૦૦ .માસિક રૂ) | | | રૂા૬.,૦૦,૦૦૦-/ | • સરકારી આઇ.ટી.આઇ. |
| ૧૦ | બીસીકિ૮૩-<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | આ.વ.પ. | ટેકનીકલ અભ્યાસક્રમ | વાર્ષિક રૂા૪.,૮૦૦-/<br>(માસ માટે ૧૨ વધુમાં વધુ -/૪૦૦ .માસિક રૂ) | | | રૂા૬.,૦૦,૦૦૦-/ | • સરકારી આઇ.ટી.આઇ. |
| ૧૧ | બીસીકિ૮૩-<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | લઘુમતી | ટેકનીકલ અભ્યાસક્રમ | વાર્ષિક રૂા૪.,૮૦૦-/<br>(માસ માટે ૧૨ વધુમાં વધુ -/૪૦૦ .માસિક રૂ) | | | રૂા૬.,૦૦,૦૦૦-/ | • સરકારી આઇ.ટી.આઇ. |

પત્રકઅ-

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કોર્ષ | શિષ્યવૃત્તિસહાય/ના દર | | | વાર્ષિક આવક મર્યાદા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એકેડમીક એલાઉન્સ (વાર્ષિક) | ટ્યુશન ફી (વાર્ષિક) | કુલ | | |
| ૧૨ | બીસીકે૧૩૯- તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | વિચરતી વિમુક્ત | ટેકનીકલ અભ્યાસક્રમ | વાર્ષિક રૂ૪.,૮૦૦-/ .માસિક રૂ)૪૦૦(માસ માટે ૧૨ વધુમાં વધુ -/ | | | રૂ૬.,૦૦,૦૦૦-/ | • સરકારી આઇ.ટી.આઇ. |
| ૧૩ | ટ્યુશન સહાય યોજના | સા.વ.પ.શે. | ધોવિજ્ઞાન ૧૧- પ્રવાહ | રૂ૧૫.,૦૦૦-/ | | | રૂ૬.,૦૦,૦૦૦-/ | • ખાનગી ટ્યુશન કલાસીસ • વિદ્યાર્થીએ ધો.૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ. |
| | | | ધોવિજ્ઞાન ૧૨. પ્રવાહ | રૂ૧૫.,૦૦૦-/ | | | | |

નોંધઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે :. (.વિધાર્થીનીઓ માટે જ છે/ઉક્ત તમામ યોજનાઓ માત્ર વિકસતી જાતિના વિધાર્થીઓ)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગગાંધીનગર ,

નિયામક વિકસતી જાતિ કલ્યાણની ,કચેરીગાંધીનગર ,

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ /યુનિવર્સિટીઓ /કોલેજો /ITI૨૦૨:સંસ્થાઓ પાસેથી વર્ષ /૬૨-૭ની પોસ્ટમેટ્રીક યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું પત્રક "માસવાર આયોજન"

| નં | માસ | NIC દ્વારા થનાર કામગીરી | શાળા /કોલેજ /યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓએ કરવાની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુલાઇ-ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૬ | જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હોય અને ચાલુ વર્ષે રીન્યુઅલ માટે Eligible થતા હોય તેવા વિદ્યાર્થીઓની અરજીઓ ખાતામાં રીન્યુઅલ તરીકે મુકવી.<br>જિલ્લા કક્ષાએ ઓનલાઇન એપ્લીકિશન ફોરવર્ડ કરવા બાબતના તથા બીલોને લગતા ટેકનિકલ પ્રશ્નો ઉદ્દભવે તો તેનુ નિરાકરણ કરવુ. | શૈક્ષણિક વર્ષ૨૦૨:૬૨-૭ માટે ઉચ્ચતર માધ્યમિક શાળા /યુનિવર્સિટી /કોલેજ /ITIસંસ્થાઓએ તમામ / ફેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકિશન તા:૦૬૨૦૨/૦૭/૬ થી ૩૦૦/૯૨૦૨/૬ સુધી કરાવવી. તા:૩૦/૦૯૨૦૨/૬ સુધીમાં જે અરજીઓ મળેલ હોય તે જિલ્લા કચેરીઓને ઓનલાઇન અરજીઓ તથા હાર્ડકોપી સહિતની દરખાસ્ત મોકલી આપવી. ઉક્ત તારીખો પહેલા જો સંસ્થામાં દરખાસ્તો તૈયાર થઇ ) (.જાય તો વહેલા જિલ્લા કચેરીઓએ રજુ કરવી | શાળા /યુનિવર્સિટી /કોલેજ /ITI/ સંસ્થાઓને વર્ષ૨૦૨:૬૨-૭નો પરિપત્ર તા:૦૭૨૦૨/૦૭/૬ સુધીમાં મોકલી આપવો.<br>ઉચ્ચતર માધ્યમિક શાળા /યુનિવર્સિટી /કોલેજ /ITI / ૨૦૨:જેમ વર્ષ-સંસ્થાઓ તરફથી જેમ૬૨-૭ની ઓનલાઇન એપ્લીકિશનદરખાસ્તો મળતી જાય તેમ તેમ / .એપ્લીકિશન મંજુરીની કામગીરી કરવી જેમ જેમ એપ્લીકિશન એપ્રુવ થતી જાય તેમ તેમ બીલો બનાવી ટ્રેઝરી/SNA SPARSHમાં બીલો દાખલ કરવાની કામગીરી કરવી. |
| ૨ | ઓક્ટોબર – નવેમ્બર-ડિસેમ્બર-૨૦૨૬ | શાળા /યુનિવર્સિટી /કોલેજ /ITI/ સંસ્થા/ જિલ્લા કક્ષાએ ઓનલાઇન એપ્લીકિશન ને લગતા તથા બીલોને લગતા ટેકનિકલ પ્રશ્નો ઉદભવે તો તેનુ નિરાકરણ કરવુ. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૬૨-૭ માટે શાળા /કોલેજ / /યુનિવર્સિટીITI/ સંસ્થાના બાકી રહેતા તમામ ફેશરીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકિશન / સંબધિત જિલ્લા કચેરીનેતા૩:૦૧/૦૨૦૨/૬ સુધીમાં હાર્ડકોપી સહિતની દરખાસ્તો મોકલવી. | વર્ષ૨૦૨:૬૨-૭ની જુદી જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ૧૦૦એપ્લીકિશન નિયમોનુસાર મંજુર કરી % /બીલો બનાવી ટ્રેઝરીSNA SPARSHમાં મોકલી આપવા અને તા૩:૦૧/૧૨૦૨/૬ સુધીમાં ૮૦ અને % તા૨૦૨/૧૨/૩૧:૬ સુધીમાં ૧૦૦વિદ્યાર્થીઓને % શિષ્યવૃત્તિનુ ચુકવણું થઇ જાય તે મુજબનું આયોજન .કરવુ |